મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૨ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગરમાં 'વાઈરસ' કાઢી આપતું ગુજરાત પોલીસનું નવું મશીન...!!

વિધાનસભા સંકુલમાં મુકવામાં આવેલા મશીનમાં મોબાઈલ, પેન ડ્રાઈવ, હાર્ડ ડ્રાઈવ, મેમરી કાર્ડ વગેરે વિના મૂલ્યે સ્કેન કરી આપવામાં આવે છે

ગાંધીનગર, તા.૧૨

દિન પ્રતિદિન સાયબર ક્રાઈમની ઘટનાઓ વધતી જાય છે જેમાં મોબાઈલ-કોમ્પ્યુટર્સ વગેરેને 'હેક' કરવાની મોડેસ ઓપરેન્ડીનો ઉપયોગ થતો પણ જોવા મળે છે. મોબાઈલ-કોમ્પ્યુટર્સને હેક કરવા માટે તેમાં 'વાઈરસ' દાખલ કરવામાં આવે છે. આજના સાયબર યુગમાં ડેટાની આપ-લે એટલી બધી વધી જવા પામી છે કે ક્યારે તમારા મોબાઈલ કે કોમ્પ્યુટર્સમાં 'વાઈરસ' દાખલ થઈ જાય છે તેની ખબર પડતી નથી તેથી તેને વાઈરસ મુક્ત રાખવા સતત લેટેસ્ટ એન્ટી વાઈરસ સોફટવેર્સ થકી 'સ્કેન' કરતા રહેવું પડે છે. તાજેતરમાં રાજયના ગૃહ વિભાગ દ્વારા 'સાયબર આશ્વત'નું લોન્ચિંગ કરાયું હતું. જે સાયબર ક્રાઈન નાથવા કાર્યરત છે. ગુજરાત પોલીસ દ્વારા એટીએમ મશીન જેવા વાઈરસ સ્કેન મશીન તૈયાર કરાયા છે. જે મોબાઈલ, પેન ડ્રાઈવ, મેમરી કાર્ડ, હાર્ડ ડ્રાઈવ વગેરેને સ્કેન કરી તેમાંથી વાઈરસને દૂર કરે છે. આવું જ એક મશીન વિધાનસભા સંકુલમાં મુકવામાં આવ્યું છે.

ગાંધીનગર વિધાનસભા સંકુલમાં મુકવામાં આવેલા આ મશીમમાં તમામ પ્રકારના સ્માર્ટ ફોન, પેન ડ્રાઈવ, હાર્ડ

ડ્રાઈવ, મેમરી કાર્ડ વગેરેનું સ્કેનીંગ ગણતરીની મિનિટોમાં થઈ જાય છે જેનો લાભ અત્યારે વિધાનસભાની છઠ્ઠા સત્ર દરમિયાન મુલાકાતે આવતા મુલાકાતીઓ દ્વારા લેવામાં આવી રહ્યો છે. આ મશીન પર હાલ સેવા આપી રહેલા ગુજરાત પોલીસના વિરલ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા આ મશીન તૈયાર કરવામાં આવ્યું છે જે યુઝર્સના મોબાઈલ કે અન્ય ડેટા સંગ્રહના ઉપકરણોને સ્કેન કરી તેમાં ઘુસી ગયેલા વાઈરસને દૂર કરે છે જેથી તેમના મોબાઈલ કે લેપટોપ અથવા કોમ્પ્યુટર્સ હેક થવાની શકયતા ઘટી જાય છે અને તેની કામગીરી પણ વધુ અસરકારક બને છે. આ સેવા ગુજરાત પોલીસ દ્વારા 'સાયબર આશ્વત' અંતર્ગત તદ્દન નિઃશુલ્ક પુરી પાડવામાં આવી રહી છે. આ પ્રકારના મશીન અમદાવાદમાં પણ અમુક ઠેકાણે મુકવામાં આવ્યા છે જેનો નાગરિકોએ લાભ લેવો જોઈએ. આ સાથે તેમણે જણાવ્યું હતું કે સાયબર ક્રાઈમની ઘટનામાં ભોગ બનનારે સત્વરે સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટને જાણ કરવી જોઈએ જેથી ગુનેગારોને ઝબ્બે કરવા માટે તેમજ ભોગ બનનારે ગુમાવેલા નાણાં પરત મેળવવામાં અસરકારક કામગીરી થઈ શકે. હાલ તો આ મશીન વિધાનસભા સંકુલમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

અંગ્રેઝી મીડિયમ
૧૦.૨૫,૧૧.૩૦, ૧.૩૦, ૨.૩૫, ૪.૩૫, ૫.૪૦, ૭.૪૦, ૮.૪૫, ૧૦.૪૫

બ્લડ શૂટ
૧૦.૧૦, ૧૨.૩૫, ૩.૦૦, ૮.૨૦, ૧૦.૪૫

બાઘી-૩
૯.૫૫, ૧.૦૦, ૪.૦૫, ૫.૨૦, ૭.૧૦, ૧૦.૧૫

થપ્પડ
૭.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૦.૫૫, ૪.૧૫, ૧૦.૦૦

શુભ મંગલ ઝ્યાદા સાવધાન
૧.૪૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

અંગ્રેઝી મીડિયમ
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૯.૪૫, ૧૦.૪૫

બાગી-૩
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

ગોળ કેરી (ગુજરાતી)
૧.૧૦, ૭.૩૦

બ્લડ શુટ
૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા મેડીકલ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

શહેરની અગ્રણી સેવાકીય સંસ્થા જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા તા.૧૦/૦૩/૨૦૨૦ ના ધુળેટીના દિવસે સભ્યો માટે ખાસ સ્વાસ્થ્ય ચકાસણી પ્રોગ્રામ અંતર્ગત મેડીકલ કેમ્પનું આયોજન શાંતિ લેબોરેટરી નારણપુરા અમદાવાદના સૌજન્યથી કરવામાં આવેલ હતુ. જેમાં સભ્યોએ ઉત્સાહ પુર્વક સ્વાસ્થય ચકાસણી કરાવેલ હતી. તે દિવસે ગૃપ દ્વારા વંસતોત્સવ-૨૦૨૦ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં મોજ, મજા અને મસ્તી જેવા માહોલમાં ૩૦૦ થી પણ વધારે સભ્યો મ્યુઝીક ઈવેન્ટ અને વિવિધ ગેમ શોની મજા માણી હતી. ગેમ શોમાં દરેક વિજેતાઓને ઈનામો આપવામાં આવેલ હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગૃપના પ્રમુખ મધુસુદન વોરા દ્વારા ચાલુ વર્ષમાં કરેલ સેવાકીય કાયક્રમોની રૂપરેખા જણાવી હતી અને અત્યાર સુધીમાં ૬૬ જેટલા પોગ્રામ કરી ચાલુ વર્ષે આ ગૃપ દ્વારા સમગ્ર ગુજરાત રીજીયનમાં અગ્રેસર રહેવા બાબતે જાણકારી આપવામાં આવી હતી. તેમજ પુર્વ પ્રમુખ રમેશભાઈ ગાંધી દ્વારા સંસ્થાના પ્રમુખ મધુસુદન વોરાને જૈન સોશ્યલ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા સંમધાનિક પ્રવૃતિઓ માટે ગુજરાત રીજીયનના ચેરમેન તરીકે થયેલ નિમણુંકને બિરદાવી અભિનંદન પાઠવેલ હતા.

કાર્યક્રમનું સંચાલન ગ્રુપના મહિલા સભ્ય વીણાબેન વોરા દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પુર્વ પ્રમુખો, કારોબારી સભ્યો અને મોટી સંખ્યામાં સભ્ય દંપતીશ્રીઓ ઉત્સાહભેર જોડાયા હતા અને હોળી પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

ગાંધીનગર શહેરીજન સંસ્થા તથા નિવૃત્ત અધિકારી મંડળ સે-૭-ડીની ૧૪મીએ કાર્યવાહક બેઠક

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરીજન સંસ્થા તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીની કાર્યવાહક સમિતિની સંયુકત સામાન્ય સભા તા. ૧૪મી માર્ચના શનિવારે સાંજે ચાર વાગે ભુપતભાઈ ભૂતડીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૦૭/૧ ખાતે પટાંગણમાં યોજાશે. જેમાં ડિરેકટરીની સમીક્ષા કરાશે તથા સાંપ્રત પ્રશ્નોની ચર્ચા થશે તેમ પ્રમુખ સુમંતભાઈ શાહે જણાવેલ છે.

આપણી ભારતીય પરંપરાનું ઘરેણું કહેવાય તેવા યોગાસનોનું મહત્વ ધીમે ધીમે વધી રહ્યું છે. યોગના વિવિધ આસનો દ્વારા અનેક હઠીલા રોગોને દૂર કરી શકાતા હોવાથી યોગાસનોની બોલબાલા વધી છે. એલોપથીથી લઈને વિવિધ દવાઓ અજમાવીને થાકી જદારા દર્દીઓને-યોગાસનો દ્વારા રાહત મળી હોય તેવા અનેક કિસ્સાઓ જોવા મળી રહ્યા છે. સેકટર-૬ના બગીચામાં છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત રીતે યોગ શિબિર ચાલી રહી છે. જેમાં યોગ નિષ્ણાત ઉષાબેન પટેલ, વીણાબેન અસનાની અને સુનંદાબેન શિબિરાર્થીઓને યોગાસનોની વિધિવત તાલીમ આપી રહ્યા છે.

કોરોના વાયરસના ફેલાવાને રોકવા બાબતે નિઃશુલ્ક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર હોમિયોપેથિક એસોસીએશન દ્વારા કોરોના વાયરસના ફેલાવા બાબતે બેઠક યોજાઈ હતી. જેને અંતે ફ્રી કેમ્પના આયોજન વિશે ચર્ચા કરવામાં આવી જે અંતર્ગત આ કેમ્પ તા. ૧૫ માર્ચના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન સે-૨૪ અર્બન હેલ્થ સેન્ટર ખાતે યોજાશે તેમ ડૉ. વિજય જોગી દ્વારા જણાવાયું છે.

ઓપન માઇકમાં વિમેન્સ ડેના વિવિધ રંગીન કાર્યક્રમમાં યુવાનો ખીલી ઉઠયા

ગાંધીનગર, તા.૧૨

ઓપન માઇક એ આજના યુવાનોનો મનગમતો વિષય છે. વિશ્વ મહિલા દિવસના અન્વયે સેક્ટર-૧૧માં આવેલા સુમન સિટી વાયકેએક્સ રેસિડેન્સી ખાતે ઓપન માઇક કાર્યક્રમ રા ઈવેન્ટના ચેરમેન હાર્દિકસિંહ ચુડાસમા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં સો થી વધુ યુવાનો હાજર હતા. અને વિશેષ એટલે મહિલાઓની ઉપસ્થિતિ સૌનું ધ્યાન ખેંચતી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને આમંત્રિત કરવામાં આવ્યા હતા. એમણે પ્રેમની એક સરસ મજાની કવિતા સાથે યુવાનોને મહિલા દિવસની વિશેષતા અને મહિલાઓને સન્માન માટે સરસ વાતો કરી હતી. આજના કાર્યક્રમમાં આકર્ષણ એટલે ખૂબ બધી યુવતીઓએ એમની કાર્યક્રમોની પ્રસ્તુતિ સાથે સેલ્ફ ડિફેન્સ નિદર્શન કર્યું હતું. લગભગ ૩૨ જણાએ આ કાર્યક્રમમાં ગીટાર, મિમિક્રી, કવિતા, વાર્તા જેવા વૈવિધ્યસભર કાર્યક્રમો પ્રસ્તુત કરીને આ મહિલા દિવસને યાદગાર બનાવી દીધો હતો દીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ઉત્કર્ષ મકવાણા, યશ કારાણી, દીપ બોડા વગેરેએ યોગદાન આપ્યું હતું.

બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા યુવા ટેલેન્ટ શૉ અને સમૂહ ભોજન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા મંડળના સભ્યો અને શહેરના બ્રાહ્મણો માટે તા. ૨૨મી માર્ચના રોજ રાત્રે ૭ વાગ્યાથી સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે યુવા ટેલેન્ટ શૉ અને સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટે ભોજન અને કાર્યક્રમ માટે પાસ મેળવવા ફરજીયાત છે. જે વ્યકિતદીઠ રૂ. ૨૫૦ આપીને બ્રહ્માણી સ્ટેશનરી મીનાબજાર, સે-૧૦-બી અથવા પ્લોટ નં. ૧૧૬૭-બી-૨ સે-૪-બી (સાંજે ૬ પછી) ખાતેથી તા. ૧૬ માર્ચ પહેલા મેળવી લેવા તથા વધુ વિગત માટે ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા સંસ્થાના કેતન ઉપાધ્યાય દ્વારા જણાવાયું છે.

રવિવારે ડૉ. કરસનદાસ સોનેરીના જીવન આધારિત પુસ્તક 'ઈડરિયા ગઢનો અજવાસ'નું લોકાર્પણ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે આગામી તા. ૧૫મી માર્ચ રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સેકટર-૨૩ના કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે પૂર્વ શિક્ષણ મંત્રી ડૉ.કરસનદાસ સોનેરીના જીવન કવન પર આધારિત પુસ્તક 'ઈડરિયા ગઢનો અજવાસ'નું લોકાર્પણ યોજાશે. આ પ્રસંગે વરિષ્ઠ પત્રકાર અને ચિંતક પ્રકાશ ન. શાહ કાર્યક્રમના અધ્યક્ષપદે અને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ તથા વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ સમારંભના મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

'ઈડરિયા ગઢનો અજવાસ' પુસ્તકના લોકાર્પણ પ્રસંગે અતિથિ વિશેષ પદે સંત પરંપરાના સાધક કવિ ડૉ.દલપત પઢિયાર તથા મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પારેખ દ્વારા કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'ઈડરિયા ગઢનો અજવાસ' પુસ્તકનું શબ્દાંકન તથા પરિકલ્પના 'ત્રિદલ'ના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની છે જયારે રમણ વાઘેલાએ પુસ્તક તૈયાર કરવામાં પરામર્શક તરીકે સેવાઓ આપી છે. પુસ્તકનું પ્રકાશન નીરૂબેન અશોક સોનેરી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા યુવા ટેલેન્ટ શૉ અને સમૂહ ભોજન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા મંડળના સભ્યો અને શહેરના બ્રાહ્મણો માટે તા. ૨૨મી માર્ચના રોજ રાત્રે ૭ વાગ્યાથી સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે યુવા ટેલેન્ટ શૉ અને સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટે ભોજન અને કાર્યક્રમ માટે પાસ મેળવવા ફરજીયાત છે. જે વ્યકિતદીઠ રૂ. ૨૫૦ આપીને બ્રહ્માણી સ્ટેશનરી મીનાબજાર, સે-૧૦-બી અથવા પ્લોટ નં. ૧૧૬૭-બી-૨ સે-૪-બી (સાંજે ૬ પછી) ખાતેથી તા. ૧૬ માર્ચ પહેલા મેળવી લેવા તથા વધુ વિગત માટે ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા સંસ્થાના કેતન ઉપાધ્યાય દ્વારા જણાવાયું છે.

માર્ગો પર ચાલતા વાહનો પ્રદૂષણ ન ફેલાવે તે માટે ટ્રાફિકના કડક કાયદાઓ અમલમાં છે પરંતુ આ કાયદાઓનો અમલ કોણ કરાવે? માર્ગો પર આવી રીતે હાનીકારક ધૂમાડો છોડતા અનેક વાહનો નજરે પડી જાય છે.

જીએમઈઆરએસ સોસાયટી દ્વારા ૨૮ તબિબિ શિક્ષકોની બદલી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત મેડીકલ એન્ડ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજોમાં એમસીઆઈના ઈન્સ્પેકશનને પગલે તબિબિ શિક્ષકોની હેરફેર કરવામાં આવે છે. જે તે કોલેજમાં તબિબિ શિક્ષકોની ઘટ પુરવા માટે સોસાયટી દ્વારા બદલી કરવામાં આવે છે. આ બદલીને પગલે તબિબિ વિદ્યાર્થીઓના અભ્યાસ અને હોસ્પિટલના દર્દીઓ પર અસર વર્તાય છે. ત્યારે હિંતમનગર, વડનગર અને જુનાગઢ મેડીકલ કોલેજમાં એમસીઆઈની ટીમને પગલે ૨૮ તબિબિ શિક્ષકોની બદલી કરવામાં આવી હતી. ડોકટરોની બદલીને પગલે દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે. જયારે ડોકટરોની અછતને પગલે મેડીકલ કોલેજ તંત્ર પણ ડામાડોળ થઈ જાય છે. ત્યારે જુનાગઢ, વડનગર, અને હિંમતનગર મેડીકલ કોલેજનું એમસીઆઈનું ઈન્સ્પેકશન પૂર્ણ થઈ જતા ગાંધીનગર મેડીકલ કોલેજ સહિત અન્ય મેડીકલ કોલેજના ડોકટરને પોતાની સંસ્થામાં પરત મોકલવામાં આવ્યા છે. જેને પગલે હિંમતનગર-૧૦ અને વડનગરમાંથી ૧૦ તબિબિ શિક્ષકો તેમજ જુનાગઢમાંથી ૮ તબિબિ શિક્ષકોને ગાંધીનગર પરત મોકલવામાં આવ્યા છે.

સ્વધારગૃહ ખાતે 'બેટી બચાવો બેટી પઢાઓ' પર સેમિનાર યોજાયો

સ્વધારગૃહ નારી સંરક્ષણ ગૃહ માતૃછાયા તથા જિલ્લા મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ પર સ્વધાર ગૃહ ખાતે એક સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળવિકાસ અધિકારી નીતાબેન ગામીત, ડૉ. ગજ્જર તથા ડૉ. તન્નાએ ઉપસ્થિત રહી બેટી બચાવો બેટી પઢાઓ વિષય ઉપર વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દિપ્તીબેન મહેતા અને કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના કમિટી મેમ્બર સરોજબેન દેસાઈ, મંજુલાબેન ભલગામી, ઉષાબેન ગજ્જર, મંદાકીનીબેન ધોળકીયા, વૈશાલીબેન જોષીએ હાજર રહી સેવા પુરી પાડી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા તથા સંચાલન મંજુલાબેન ભલગામી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વધારગૃહ સ્ટાફ તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, વન સ્ટોપ સેન્ટર PBSC નો પૂરતો ફાળો રહ્યો હતો.

સંસ્કૃતિ મહિલા પરિવારનો 'જાગૃતિ અભિયાન' કાર્યક્રમ શનિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સંસ્કૃતિ મહિલા પરિવાર ગાંધીનગર દ્વારા સામાજિક અને સ્ત્રી લક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન તા. ૧૪મી માર્ચના રોજ શ્રી ભુવનેશ્વર મહાદેવ તીર્થ સે-૬ ખાતે યોજવામાં આવેલ છે. બપોરે ૩ થી ૮ કલાક સુધી કાર્યક્રમ યોજાશે તો સર્વે સભ્યોએ હાજર રહેવા માટે પ્રમુખ પ્રતિભાબેન કે. દવે તથા મંત્રી અલ્પાબેન કે. ગોર દ્વારા જણાવાયું છે.

કાનપુર ગામમાંથી બે ભેંસની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા કાનપુર ગામે માઢ વાસ ખાતે રહેતા અંકિત કિશોરભાઈ ચૌધરી પોતાના ખેતરમાં તબેલામાં પશુપાલનનો વ્યવસાય કરે છે. ત્યારે તેમના તબેલામાંથી દુજણી બે ભેંસની ચોરી થવા પામી છે. ગતરોજ સવારના સુમારે તેમના માતા અને બહેન દુધ દોહવા માટે તબેલામાં ગયા હતા તે સમયે જઈને જોયુ તો બે દુજણી ભેંસ તબેલામાંથી ગાયબ હતી. તબેલાની આસપાસ કોઈ રહેતું નથી અને તબેલા પર પશુઓની દેખભાળ માટે કોઈ માણસ પણ રાખ્યો નથી. જેથી તસ્કરો બે ભેંસ ચોરી કરી લઈ ગયા હતા. ફરીયાદીએ ભેંસની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જે.બી. પ્રાથમિક શાળાના ધો-૮ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થતા માધ્યમિક શાળામાં જનાર છે. જેથી તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. સેકટર-૨૮ની બાલોદ્યાનની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી. વિદ્યાર્થીઓએ આનંદથી વિવિધ રમતો રમી દિવસ મનાવ્યો હતો. સમુહ નાસ્તાની ઉજાણી કરી હતી આચાર્ય નીવાબેન પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

ચિરવિદાય

- સ્વ. ડોડીયા નારણજી અમથાજી, ઉ.વ. ૯૭
- સ્વ. પટેલ પુરીબેન ભોળાદાસ, ઉ.વ. ૮૫
- સ્વ. વાળંદ પશીબેન અરજણભાઈ, ઉ.વ. ૭૫